S. J. & E. DEPTT.
8 SEP 2022
IWDMS No.....19319.......

પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મકાનની ટોચમર્યાદા તેમજ સહાય ચૂકવવાની પધ્ધતિની જોગવાઇમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૨૭૬૪૯/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૦૯/૨૦૨૨

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૧/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૭/ન.બા-૧/અ.૧
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૫/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:અબડ/૧૨૨૦૨૧/૫૬૨૬૬૨/હ
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/જન/પરચ/૨૨-૨૩/૧૪

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૨૮/૦૧/૨૦૦૪ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિઓ અને આર્થિક રીતે પછાત વર્ગ માટે વ્યક્તિગત મકાન સહાયની પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાનો અમલ કરવામાં આવે છે. જે અંતર્ગત તા.૨૮/૦૧/૨૦૦૪ના ઠરાવની જોગવાઇ ૪(૭) માં "ત્રીજા હપ્તાની રકમ ચુકવવા માટે મકાન પુર્ણ થાય બાદ ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરશીયર, અધિક મદદનીશ ઈજનેર અને શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર, મ્યુનિસિપાલ કોર્પોરેશન, નગરપાલિકાના નાયબ મદદનીશ ઈજનેર કે આ હેતુસર સરકારે યથા પ્રસંગે નક્કી કરેલ સક્ષમ સત્તાધિકારી કે તેના ઉપરી અધિકારીનું મકાન પુર્ણ થયાનું પ્રમાણપત્ર રજુ કરેથી ત્રીજા હપ્તાની રકમ ચુકવવાની રહેશે" તેમ નક્કી થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૩૦/૦૫/૨૦૧૮ના ઠરાવથી મકાન બાંધકામ ખર્ચ ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૫.૦૦ લાખ અને શહેરી વિસ્તારમાં ૭.૦૦ લાખ નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના આ વિભાગના તા.૨૭/૧૨/૨૦૨૧ના ઠરાવથી અનુસૂચિત જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ સહાય આપવા માટે ડૉ.આંબેડકર આવાસ યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૦૬/૦૬/૨૦૨૨ના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ બાંધકામની કિંમતની ટોચ મર્યાદા વધારવા તેમજ સહાય ચૂકવવાની પધ્ધતિની જોગવાઇ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગની યોજના સાથે એકસૂત્રતા જળવાય તે રીતે સુધારા થઈ આવવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણા અંતે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં (૧) તા.૨૮/૦૧/૨૦૦૪ના ઠરાવની જોગવાઇ ૪(૭) માં "ત્રીજા હપ્તાની રકમ ચુકવવા માટે મકાન પુર્ણ થયા બાદ ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરશીયર, અધિક મદદનીશ ઈજનેર અને શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર, મ્યુનિસિપાલ કોર્પોરેશન, નગરપાલિકાના નાયબ મદદનીશ ઈજનેર કે આ હેતુસર સરકારે યથા પ્રસંગે નક્કી કરેલ સક્ષમ સત્તાધિકારી કે તેના ઉપરી અધિકારીનું મકાન પુર્ણ થયાનું પ્રમાણપત્ર રજુ કરેથી ત્રીજા હપ્તાની રકમ ચુકવવાની રહેશે" જેમાં મકાન પુર્ણ થયેથી ૪૫ દિવસમાં મકાન પુર્ણ થયાનું પ્રમાણપત્ર ઉપરોક્ત અધિકારીઓ ન આપે તો વિકલ્પે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના જિલ્લા અધિકારીએ એટલે કે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/નાયબ નિયામકશ્રીએ જાતે મુલાકાત કરી મકાનની ચકાસણી કરી ગામના બે પંચોની હાજરીમાં રોજકામ કરી, મકાનનો ફોટો લાભાર્થી સાથે લઈને છેલ્લો હપ્તો ચુકવી શકાશે અને તે માન્ય ગણાશે." તેમ નક્કી કરવામાં આવે છે. (૨) તા.૩૦/૦૫/૨૦૧૮ના સમાન ક્રમાંકના ઠરાવથી નક્કી થયેલ ટોચ મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૭.૦૦ લાખ અને શહેરી વિસ્તાર માટે રૂ.૧૦.૦૦ લાખ નક્કી કરવામાં આવે છે.

શરતો:-

(૧) આ યોજના અન્વયેની હાલની અન્ય તમામ શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે સદર દર વર્ષે કરવામાં આવતી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષની મંજુર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૨૫/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૫) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૬) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.

(૭) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી, સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૯) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

(૧૦) નિયામકશ્રી(વિ.જા.ક), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ.

(૧૧) સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાનીદ વિનંતી સહ.

(૧૨) સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર.

(૧૩) સિલેકટ ફાઇલ.